# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/142 Dt. 18/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માર્કેટીંગમાં ભાષાના મહત્વ વિષે સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘માર્કેટીંગમાં ભાષાનું મહત્વ’ વિષય પર સેશન યોજાયું હતું, જેમાં કોર્પોરેટ ટ્રેઇનર એન્ડ લેન્ગ્વેજ કન્સલ્ટન્ટ ડો. ધર્મેન્દ્ર શેઠે સુરતના ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, જ્યારે આપણે યોગ્ય શબ્દો, યોગ્ય ભાષાશૈલી અને યોગ્ય અભિવ્યક્તિનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તે માત્ર માહિતી આપતું નથી, પરંતુ ભાવનાઓને પણ સ્પર્શે છે. પરિણામે બ્રાન્ડની છબી મજબૂત બને છે, વિશ્વાસ ઊભો થાય છે અને વ્યવસાય વૃદ્ધિના નવા માર્ગો ખુલે છે.

કોર્પોરેટ ટ્રેઇનર એન્ડ લેન્ગ્વેજ કન્સલ્ટન્ટ ડો. ધર્મેન્દ્ર શેઠે જણાવ્યું હતું કે, આજના યુગમાં ભાષા માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ માર્કેટીંગમાં બ્રાન્ડ ઈમેજ ઉભી કરવા, ગ્રાહકો સાથે સંબંધ કેળવવા અને પ્રોડકટને યોગ્ય રીતે રજૂ કરી તેના વેચાણ માટે મહત્વનો ભાગ ભજવે છે. પ્રોડકટ કે સર્વિસની ગુણવત્તા જેટલું જ મહત્વ તેના માટેના સંદેશાની અભિવ્યક્તિનું છે. ગ્રાહકો સુધી સરળ અને અસરકારક રીતે સંદેશ પહોંચાડવા યોગ્ય ભાષાનો પ્રયોગ મહત્વનો સાબિત થાય છે. ભાષાની પસંદગી ગ્રાહકના માનસ પર સીધો પ્રભાવ પાડે છે અને યોગ્ય શબ્દોની પસંદગી માર્કેટીંગ કેમ્પેઇનને સફળ બનાવવા માટે અત્યંત જરૂરી છે.

તેમણે ઉદાહરણો આપતા સમજાવ્યું હતું કે, અલગ–અલગ પ્રોડકટ્સ અને માર્કેટ માટે ભાષા, શૈલી તથા શબ્દપ્રયોગ બદલાય છે. સ્થાનિક ભાષાનો ઉપયોગ ગ્રાહકોમાં વિશ્વાસ વધારવામાં મદદરૂપ થાય છે, જ્યારે અંગ્રેજી અથવા સંબંધિત દેશની આંતરરાષ્ટ્રીય ભાષાનો યોગ્ય ઉપયોગ ગ્લોબલ માર્કેટમાં કંપનીને મજબૂત ઓળખ અપાવે છે. તેમણે ખાસ કરીને ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા, એડવર્ટાઇઝીંગ અને કોન્ટેન્ટ માર્કેટીંગમાં ભાષાની ભૂમિકા વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, માર્કેટીંગ પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ વકતાને વિવિધ પ્રશ્નો પુછી તેમના અનુભવ અને માર્ગદર્શનનો લાભ લીધો હતો.

ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના ચેરમેન શ્રી ભૌતિક શેઠે કાર્યક્રમની રૂપરેખા આપી વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના કો–ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ સેશનનું સમગ્ર સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને સેશનનું સમાપન કર્યું હતું.